R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .
ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઇટ : http:// jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 35/36 DATE: 09-09-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## દોકલામ સરહદેથી સેનાઓ પાછી હટાવવાની અને તંગદીલીનો અંત લાવવાની ક્વાયત શરુ

સિક્કીમના સરહદી વિસ્તાર દોકલામમાં છેલ્લા બે મહિનાથી ચાલી રહેલી તંગદીલીનો અંત લાવવાની કવાયત રુપે ભ ારત અને ચીન પોતપોતાની સેના હટાવવા માટે તૈયાર થયા હોવાના સમાચારો ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યા છે.ભારતે ચીન સાથે દોકલામ સરહદેથી છેલ્લા બે મહિનાથી જેને કારણે ઘર્ષણ ચાલી રહ્યું છે તેને ખતમ કરવા માટે તે તૈયાર છે અને એ સંદર્ભમાં તે પોતાની સેના પાછી ખેચી રહ્યું છે.જો કે બેઇજીંગે ભારતને સ્પષ્ટ કહી દીધું છે કે તેની સેના સરહદે પેટ્રોલીંગ ચાલુ રાખશે.દોકલામાં માલે છેલ્લા એક સપ્તાહથી ભારત અને ચીન વચ્ચે રાજદ્વારી ચેનલ ચાલી રહી છે.અમે અમારી ચિંતા, અને હિતોની વાત કરી હતી. તેના આધારે દોકલામ મામલે ભારત પોતાની સેના પાછી ખેચીં લેશે.એમ વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહયું છે.ભારતીય વિદેશ મંત્રાલયે કરેલી જાહેરાતના એક કલાકમાં ચીનના વિદેશ મંત્રાલયે દાવો કર્યો હતો કે ભારતે સરહદેથી તેની સેના પહેલેથી જ પાછી ખેચી લીધી હતી.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા હુઆ શુંઈગે કહ્યુ કે ચીનની સેના સરહદ પર દોકલામ વિસ્તારમાં પેટ્રોલીંગ ચાલુ રાખશે.

જો કે ચીનમાં યોજાઇ રહેલી બ્રીકસ સમિતિના એક દિવસ પહેલાં આ રાજકીય ઉકેલ લાવવામાં આવ્યો છે.બ્રિક્સમાં ભારતના વડાપ્રધાન મોદી હાજર રહેવાના છે.ચીનના નિવેદનમાં જો એ સ્પષ્ટ કરાયેલું નથી કે તેઓ તેમની સેના સરહદ પરથી ખસેડશે કે કેમ ?આ ઉપરાંત ચીને એ પણ સ્પષ્ટતા કરી નથી કે તેઓ આ વિસ્તારમાં રોડ બનાવવાનું ચાલુ રાખશે કે બંધ કરી દેશે ?ઉલ્લેખનીય છે કે ૧૬ જુનથી દોકલામ વિસ્તારમાં ભારત અને ચીનની સેના વચ્ચે રોડ બાંધવાના મામલે ઘર્ષણ ચાલી રહ્યું છે.વિવાદોનો ઉકેલ લાવવામાં આવ્યો છે અને તેની એક ખાસ પ્રકારની પબ્લીસીટી ખાસ વ્યક્તિ વિશેષની આંતરરાષ્ટ્રીય ઈમેજ ઉપસાવવાનો પ્રયત્ન પણ દેખાઇ રહ્યો છે.હરિયાણામાં જે રીતે લશ્કરી કુમક ગોઠવાઇ તેવી તો દોકલામાં પણ નહોતી ગોઠવાઇ રાજકીય ખેલના ખેલંદાઓ દેશની અનેક સમસ્યાઓને ગુમરાહ કરવા માટે તો આવી તરકીબો યોજતા નથીને ?

## રોહતકની જેલમાં કડક સલામતી વચ્ચે સીબીઆઇ કોર્ટના જજે ગુરમીત બાબા રામ રહીમને ૨૦ વર્ષની સજા ફટકારી

ડેરા સચ્ચા સૌદાના વડા રામ રહિમ ગુરમીત બાબાને તેમની બે મહિલા અનુયાયીઓની સાથે બળાત્કાર કેસમાં ગુનેગાર ઠરાવીને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી હતી.સજાની સાથે ૩૦ લાખનો દંડ પણ ફટકાર્યો હતો.જસ્ટીસ જગદીપસિંહે રોહતકની સુનારીયા જેલમાં અત્યંત કડક સલામતી બંદોબસ્ત વચ્ચે સજાનું એલાન કરતાં બળાત્કારી બાબાના ભકતોમાં રોષની લાગણી ફેલાઇ ગઇ હતી.જો કે સલામતી વ્યવસ્થા જડબેસલાક હોવાથી અગાઉની જેમ તેમના અનુયાયીઓ હિંસા આચરી શક્યા નહોતા.આ કેસના ચુકાદાએ ફરી એક વખત ન્યાયતંત્રમાં લોકોને વિશ્વાસ પ્રસ્થાપિત કરી દીધો છે.આ કેસમાં ચુકાદાએ સાબિત કર્યું છે કે ગુનેગાર ગમે તેટલો શક્તિશાળી કે પ્રભુત્વ ધરાવતો હોય તે કાયદા સામે પાંગળો જ છે. જો કે બાબાના વકીલે આ ચુકાદાને પડકારવાની જાણ કરી છે.જો કે બાબાને સજાની સુનાવણી બાદ સિરસામાં આર્મીની ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી.કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે માટે ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.કોર્ટે જે પ્રકારે ચુકાદો આપ્યો તે બાદ બાબા રહીમ સામે અનેક લોકોએ પોતાની સાથે થયેલા કડવા અનુભવોને સોશ્યલ મીડીયા ઉપર શેર કર્યા હતા.હવે લોકોમાં અંધવિશ્વાસ કેટલા બધો હોય છે તે આ ઘટના પરથી ફલિત થાય છે.અનેક લોકો આવા ઢોંગી બાબાઓને સામે ચાલીને પોતાની ભેટ ધરે છે.

## પ.બંગાળમાં ગાયચોર હોવાની શંકા જતાં બે યુવકોને ગામના ટોળાએ માર મારી મૃત્યુ નિપજાવ્યું

પશ્ચિમ બંગાળના જલાપાઇગુડીના ધુપગરી ગામે ગામવાળાઓએ ગાય ચોર હોવાની શંકાના આધારે બે યુવાનોને મોતને ઘાટ ઉતાર્યા હતા.એક યુવાન આસામનો અને બીજો યુવાન પશ્ચિમ બંગાળના કુચબિહાર જિલ્લાનો હતો.

જલાપાઇગુડીના પોલીસ અધિકારીએ જણાવ્યા મુજબ બ ંને યુવાનોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા.પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે.પોલીસે જણાવ્યા પ્રમાણે ધુપગરી ગામથી ૧૫ કી.મી.ને અંતરે આવેલા દાદોન ગામે રાતે ત્રણના સુમારે આ ઘટના બની હતી.બંને યુવાનો એક પીકઅપ વાનમાં જઇ રહ્યા હતા.વાનમાં સાત ગાયો હતી.તેઓ રસ્તો ભુલી ગયા હોવાને કારણે તે વિસ્તારમાં જ ગોળ ગોળ ફરવા લાગ્યા હતા. જેથી વાનના અવાજ સાંભળીને ગામલોકોએ વાનને થોભાવવા કહ્યુ પરંતુ વાહન દોડતું રહ્યુ. આખરે ગામલોકોએ રસ્તો બ્લોક કરી દેતાં વાહનને બળપુર્વક રોક્યું હતું. વાનમાં બેઠેલા બે યુવાનો તેમની હડફટે ચડી ગયા હતા.જ્યારે ડ્રાઇવર ભાગી ગયો હતો.આ બે યુવાનોની મારપીટ કરતાં તેઓ મૃત્યુ પામ્યા હતા.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ધર્મના નામે હિંસા આચરવાનો કોઇને અધિકાર નથી : વડાપ્રધાન મોદી

મનકી બાતમાં વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે દરેક નાગરિકે દેશના કાયદાને આધીન રહેવું પડશે.કોમી માન્યતા,રાજકીય વિચારધારા કે વ્યકિત અને પરંપરા સાથે સંકળાયેલી હિંસા યોગ્ય નથી.હરિયાણામાં ડેરાવાસીઓની હિંસા પર હાઈકોર્ટે કરેલી કઠોર ટિપ્પણી બાદ વડાપ્રધાન મોદીએ તેમની ૩૫મી મનકી બાતમાં જણાવ્યુ હતું કે એકતરફ દેશ તહેવારોની ઉજવણી તરફ જઇ રહ્યો છે.ત્યારે દેશના એક હિસ્સામાં હિંસાના અહેવાલો ચિંતાજનક છે.સદીઓથી આપણા વડાઓ અહિંસા પરમો ધર્મના સિંધ્ધાન્તને વળગી રહ્યા છે.લાલ કિલ્લા પરથી મારા



સંબોધનમાં મે જણાવ્યુ હતું કે ધર્મના નામે થતી હિંસા સાંખી લેવાશે નહીં.પછી તે કોમી માન્યતા,રાજકીય વિચારધારા, કે વ્યક્તિ રિવાજ અને પરંપરા સાથે સંકળાયેલી કેમ ન હોય. પોતાની આસ્થાના નામે કાયદો હાથમાં લેવાનો કોઈને અધિકાર નથી.બાબાસાહેબ આંબેડકરે આપેલા બંધારણમાં દરેક નાગરિકને ન્યાયની જોગવાઇ છે.કાયદો હાથમાં લઈને હિંસા આચરતાં વ્યક્તિ કે સંગઠનને દેશ અથવા સરકાર સહન કરશે નહીં.દરેક નાગરિકે દેશના કાયદાને આધીન રહેવું પડશે. કાયદો જવાબદારી નક્કી કરશે અને દોષિતને સજા કરાશે. ભારત મહાત્મા ગાંધી,ગૌતમ બુધ્ધ અને સરદાર પટેલનો દેશ છે.દેશમાં કોઈપણ પ્રકારની હિંસા સ્વીકાર્ય નથી.

## સુપ્રીમ કોર્ટે આશારામ સામેના રેપ કેસમાં ધીમી ગતિ માટે ગુજરાત સરકારની ઝાટકણી કાઢી : પ્રોગ્રેસ રીપોર્ટ ફાઇલ કરવા અદાલતનો આદેશ

સુપ્રીમ કોર્ટે આશારામ સામેના રેપ કેસમાં ધીમી ગતિએ પ્રગતિ કરવા બદલ નારાજગી વ્યક્ત કરી હતી.તેમજ ઝડપી રીતે પ્રો્ગ્રેસ રીપોર્ટ ફાઇલ કરવા ગુજરાત સરકારને આદેશ કર્યો હતો.સુપ્રીમ કોર્ટે અગાઉ પણ આશારામની જામીનની અનેક અરજીઓ નકારી દીધી છે.તેની વધુ એક જામીન અરજીની સુનાવણી કરતાં સુપ્રીમે રાજ્યસરકારને સવાલ કર્યો હતો કે આ કેસમાં અત્યાર સુધી પીડીતાની પુછપરછ કેમ કરાઇ નથી?કોર્ટે આ કેસની વધુ સુનાવણી દિવાળી પછી કરવા કહ્યુ છે.

જસ્ટીસ એન.વી.રામન અને અમિતવ રોયની બનેલી બેન્ચે જણાવ્યુ હતું કે ઝડપી ટ્રાયલનો નિર્દેશ છતાં વિલંબ કેમ ? અત્યાર સુધી ઉલટ તપાસ કેમ ન કરાઇ ? તેણે ગુજરાત સરકાર વતી હાજર રહેલા એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાને કહ્યુ કે એપ્રિલમાં પુરાવાના ઝડપી રેકોર્ડીંગના નિર્દેશો અપાયા હતા.આ કેસમાં પીડીતાની જુબાની હજુ સુધી કેમ લેવાઇ નથી.?આ કેસમાં સૌથી મહત્વની સાક્ષી છે.મહેતાએ બેન્ચને કહયુ હતું કે આ કેસમાં બે મહત્વના સાક્ષીઓ મારી નંખાયા છે.એક ગુમ છે અને કથિત હુમલામાં અન્ય ૧૭ સાક્ષીઓને ઈજા પહોચી છે.આ મહિલાની સલામતીની ખાતરી બાદ તેનું નિવેદન લેવાશે તેમ જણાવતાં મહેતાએ કહ્યુ હતું કે ૯૨ જેટલા સાક્ષીઓમાંથી ૪૫થી વધુની અત્યાર સુધીમાં ઉલટ-તપાસ થઇ ગઇ છે. બેન્ચે એ પછી સરકારને ટ્રાયલ સ્ટેજની વિગત અને તે કેસમાં કેવી રીતે આગળ વધવા માંગે છે તે અંગેની એક એફિડેવીટ ફાઇલ કરવા સરકારને કહ્યુ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઇ શકાશે

# નવ ક્રાંતિ

૨૦૧૪માં લોકસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટી અને એનડીએના ઉમેદવારોએ યુપીએ સરકાર મોઘવારી પર કાબુ લઈ શકતી નથી અને તેના કારણે દેશની જનતા પીડાઈ રહી છે તેનું દુઃખ તેઓ અચ્છે દિન લાવીને કરી દેશે તેવી પોકળ જાહેરાતો અને ચુંટણી વચનોની લ્હાણી દેશભરમાં જાહેર સભાઓમાં કરવામાં આવી હતી.પરંતુ એનડીએ સરકારના ત્રણ વર્ષના કાર્યભારમાં રોજબરોજ નવા નવા કાયદા હેઠળ પ્રજાના ખિસ્સા વેતરવાનો રીતસરનો કસબ અજમાવી રહ્યો છે.પેટ્રોલ,ડીઝલ,રાંધણગેસ,કેરોસીનના ભ ાવોમાં થયેલા ભડકાથી આમ આદમીમાં હાહાકાર મચી ગયો છે.

નોટબંધી,જીએસટી જેવા અનેક મુદ્દાઓએ દેશભરની જનતામાં કચવાટ પેદા કરી દીધો છે. પ્રજા હવે પસ્તાઈ રહી હોવાનું કે લુંટાઈ ગઈ હોવાનો અહેસાસ કરી રહી ચે. કાળઝાળ મોંધવારીમાં પિસાતા આમ આદમીને દાઝ્યા પર ડામ આપતાં જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટીગં કંપનીઓએ સબસીડીયુક્ત રાંધણગેસના ભાવોમાં રુ.૭.૫૦નો વધારો કર્યો છે.જ્યારે સબસીડી વિનાના સિલિન્ડરમાં ૭૩.૫૦ રુ.નો વધારો કર્યો છે.આમ કમરતોડ ભાવ વધારો ઝીકી દેવાયો છે.ચાલુ નાણાંકીય વર્ષના અંતે ગેસસિલિન્ડર પર અપાતી સબસીડી નાબુદ કરવાના લક્ષાંક સાથે સરકારે ઓઈલ કંપનીઓને દર મહિને રુ.૪નો વધારો કરવાની મંજુરી આપી દીધી છે.સરકાર કેરોસીન પર પણ સબસીડી નાબુદ કરવાની દિશામાં જઈ રહી છે.તેથી ૧લી જુલાઈ ૨૦૧૬થી દર ૧૫ દિવસે પ્રતિ લિટર ૨૫ પૈસાનો વધારો કરવાની પરવાનગી આપી દેવાઈ છે.જે ભાવ વધારો કરવામાં આવી રહ્યો છે તે છેલ્લા કેટલાક વર્ષોનો આ સૌથી તોતિંગ ભાવ વધારો છે.

એ જ પ્રમાણે જીવન જરુરીયાતની અન્ય ચીજ વસ્તુઓ અને ધાન્ય પર એ જ રીતે મોઘા થયા છે.એનડીએની સરકાર ગમે તેટલા વિકાસની ડિંગો હાંક પરંતુ તેનાથી સામાન્ય અને મધ્યમવર્ગના પેટ માટે જે બજેટ છે તેમાં થતો ફેરફાર તેમનુ જીવન દોહ્યલુ કરી દે છે.શાકભાજીમાં જે ભાવોમાં ઉછાળો આવ્યો છે તે જોતાં સરકારની નીતિઓ અને સરકારની બજાર પર પોતાની પકડ બેઉમાં સરકાર નબળી પડી ગઈ છે. ટામેટા રુ.૧૫૦એ વેચાતાં હોય, ડુગળી,બટાકા, વિગેરેના ભાવો આસમાને પહોચતા હોય, દાળોના ભાવો આસમાને પહોચ્યા બાદ થોડા નરમ બન્યા છે પરંતુ તેનો અર્થ એ નથી થતો કે તેનાથી મોઘવારી ઘટી હોય તેવું તારણ નીકળી શકે.

રેલ મુસાફરીઓ મોંઘી બની ગઈ છે.હજુ લોકો ઢોરની માફક ડબ્બાઓમાં જકડાઈને મુસાફરી કરી રહ્યા છે.થોડાક રીઝર્વેશનના ડબ્બાઓમાં પૈસાપાત્ર લોકોને રાહત મળી છે પરંતુ સામાન્ય લોકોની તકલીફોમાં કોઈ ફર્ક પડ્યો નથી ઉપરથી મુસાફરી મોંઘી બની છે.

સરકાર વિવિધ પ્રકારની યોજનાઓની જાહેરાત કરી રહી છે. સરકારનું ધ્યાન ૨૦૧૯માં આવનારી ચુંટણીઓ અને એ દરમિયાન આવનારી વિધાનસભાની ચુટણીઓમાં સત્તા મેળવવા ઉપર કેન્દ્રીત છે.મોઘવારી કે અન્ય વિષયો પર તેઓ હાલમાં ધ્યાન આપી શકે તેમ નથી એવુ હાલની પરિસ્થિતિ પરથી દેખાઈ રહ્યું છે. જો કે પ્રજા પણ આવનારા દિવસોમાં કેવો પ્રત્યાઘાત આપવો તે અંગે વિચારી રહી છે.

# ટ્રિપલ તલાકનો સુપ્રીમ કોર્ટ દ્વારા ઐતિહાસિક અપાયેલ ચુકાદાની વ્યાખ્યામાં તથ્યાત્મક ભુલની સંભાવના રહેલી છે

સુપ્રીમ કોર્ટે ટ્રિપલ તલાકને ગેરકાયદેસર જાહેર કરી દીધો અને કોર્ટે સ્પષ્ટ કયું કે ધર્મની સ્વતંત્રતા ના નામે પર્સનલ લો લાગુ ના થઈ શકે એ કોઈપણ મામલે કાયદા સમક્ષ સમાનતા એ જ સર્વોચ્ચ છે.



જો કે ટ્રિપલ તલાકના મામલે સુપ્રીમ કોર્ટે એક જ વખતમાં ત્રણ તલાક કરીને પત્નીને છોડી દેવાની ભારતીય મુસ્લીમ સમાજમાં પ્રચલિત કુ-પ્રથાને અટકાવી દીધી છે. જો કે તેને ત્રણ તલાક સાથે કોઈ નિસ્બત નથી. એકજ વખતમાં ત્રણ તલાક અને ત્રણ અલગ અલગ અવસરે. એક નિશ્ચિત અંતર પછી તલાક વચ્ચે થોડોક ફરક છે.ભારતીય મુસ્લીમ સમાજમાં તલાકની જે પ્રથા પ્રચલિત છે તે ત્વરીત ત્રણ તલાકની છે. આમાં પતિ એક જ વખતે ફોન,ઈ-મેઈલ, અથવા ટેક્સ મેસેજમાં તલાક-તલાક-તલાક કહીને પત્નીને છુટાછેડા આપી દે છે. એ પછી એમ માની લેવાય છે કે પીડીતા અને તેના પતિ વચ્ચે તમામ સબંધો પુરા થઈ ગયા છે. જો તેમને પરીથી મલવું હોય તો તો હલાલાની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. તલાકની આ પ્રક્રિયા મોટાભાગે મુસ્લીમ દેશોમાં પ્રતિબંધિત છે.ઈસ્લામમાં તલાકની આ પ્રક્રિયાને તલાક-એ-બિદત કહેવાય છે.ઈસ્લામમાં કોઈ ખોટી વસ્તુ સામેલ કરવાને બિદદત કહેવાય છે.

મોટાભાગના મુસ્લીમ દેશોમાં તલાકની જે પ્રક્રિયા પ્રચલિત છે તેમાં જો પતિએ પોતાની પત્નીને છુટાછેડા આપવાનો નિર્ણય કરી લીધો છે તો તેને પત્નીના માસિક ધર્મને ખતમ હોવા સુધી રાહ જોવી પડશે.એ પછી શારીરીક સબંધ બનાવ્યા વગર તેને છુટાછેડા આપી દેવા પડશે.

ઓલ ઈન્ડીયા મુસ્લીમ વુમન પર્સનલ લો બોર્ડ તથા ઓલ ઈન્ડીયા શિયા પર્સનલ લો બોર્ડે સહર્ષ આવકારતાં કહક્યુ હતું કે આ ચુકાદો ઈસ્લામ અને દેશની મહિલાઓની જીત છે.કોર્ટના આ નિર્ણયથી મુસ્લીમ મહિલાઓમાં નવી આશાઓનો સંચાર થયો છે.મુસ્લીમ મહિલાના અધિકારો માટે લડતા સંગઠનના પ્રમુખે કહક્યુ હતું કે આ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો છે.અને દેશની મહિલાઓનો વિજય છે.વિશેષ તો ઈસ્લામની જીતછે.

# બકરી ઈદમાં ગૌવંશની કુરબાની ના આપવા માટે ઓલ ઈન્ડીયા મુસ્લીમ મજલિસે મુશાવતે મુસલમાનોને અપીલ કરી

બકરી ઈદમાં પર કુરબાની અંગે ઓલ ઈન્ડીયા મુસ્લીમ મજલિસે-મુશાવરતે એક પ્રસ્તાવ મંજુર કર્યો છે.આ પ્રસ્તાવમાં મુસલમાનોને ગૌવંશની કુરબાની ન આપવાની અપીલ કરવામાં આવી છે.

આ પ્રસ્તાવ ૩૦ જુલાઈએ મંજુર કરાયો હતો.ઓલ ઈન્ડીયા મુસ્લીમ મજલિસે-મુશાવરતના જનરલ સેક્રેટરી મૌલાના અબ્દુલ હમીદ નોમાનીએ જણાવ્યુ હતું કે પુણેમાં મુશાવરતની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. એમના જણાવ્યા મુજબ આ બેઠકમાં પ્રસ્તાવ લવાયો કે જે રાજ્યમાં ગૌમાંસ પર પ્રતિબંધ છે ત્યાં મુસલમાન બકરી ઈદના અવસરે ગૌવંશની કુરબાની ન આપે. પ્રસ્તાવામાં જણાવાયું છે કે જ્યાં ગૌવંશ અંગે દરેક મુસલમાન તેમના રાજ્યના કાયદાનું પાલન કરે. હમીદ નોમાનીના કહેવા મુજબ બકરી ઈદ એક ધાર્મિક બાબત છે.એવામાં કાયદો જ્યાં મંજુરી આપતો નથી આપતો ત્યાં ગોવંશની કુરબાનીથી વેગળા રહે અને બકરીની કુરબાની આપે.જો કે મૌલાના નોમાનીને એમ પણ જણાવ્યુ હતું કે મુશાવરતે દેશ અને રાજ્ય સરકારોને અપીલ કરી છે કે તેમની ધાર્મિક આઝાદીનું પણ ધ્યાન રાખવામાં આવે. આ વર્ષે બકરી ઈદ ૨ સપ્ટેના દિવસે ઉજવાશે.

ભારતના ૨૯ રાજ્યોમાંથી ૧૧ રાજ્યો એવા છે કે જ્યાં ગૌવંશ હત્યા પર પુર્ણપણે પ્રતિબંધ છે.જેમાં જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ,પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ,ઉત્તરપ્ર્દેશ, રાજસ્થાન,ગુજરાત,મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢનો સમાવેશ થાય છે.આ ઉપરાંત કેન્દ્ર શાસિત રાજયો દિલ્હી અને ચંડીગઢમાં પણ ગૌહત્યા પર પ્રતિબંધ છે.

ખેર, તાજેતરમાં સુપ્રીમ કોર્ટે નાગરિકોના મુળભુત અધિકારો માટે જે ચુકાદો આપ્યો તેમાં જીવનની સ્વંત્રતાની ખાત્રી આર્ટિકલ ૨૧ અંતગર્ત અપાયેલી છે તેનો નવ જજની બેન્ચે સ્વીકાર કર્યો છે.આ પ્રાઈવસીનો અધિકાર લોકશાહી માટે અગ્નિ પરીક્ષા બની રહેશે.આ ચુકાદાની સજાતીયતા,શરાબ,બીફ,ગર્ભપાત જેવા પ્રતિબંધો નાગરિકોના અધિકાર જેવા મુદ્દા પર લાંબા ગાળાની અસરો ઉપજાવશે.ગૌમાંસ પર ખાવા પર પ્રતિબંધ,શરાબબંધી જેવા અનેક કાયદાઓ કેન્દ્ર અને રાજ્યો દ્વારા ઘડાયેલા છેતેના પર અસર પડશે.આ કાયદાઓની પુનઃ સમીક્ષા પણ થશે.સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે કોને શું ખાવું, કે પ્રાણીની કતલ જેવા મામલા પણ આવી જાય છે.હવે ઈદ વખતે આ કોર્ટના આદેશોની શું અસર પહોચે છે તે જોવાનું રહ્યું.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે.
લીમોઝીન,બી.એમ.ડબલ્યુ.,ઔડી.
મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે.
સંપર્ક કરો : મોબાઇલ ૮૫૧૧૮૯૯૧૯૭

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# નર્મદા યોજનાથી ગુજરાતમાં પ્રસરી ઘરે ઘરે સમૃધ્ધિ
# મા નર્મદા મહોત્સવ યાત્રા .... આવો,જોડાઇએ
# તા.૬-૯-૨૦૧૭ થી ૧૫-૯-૨૦૧૭

**શ્રી નરેન્દ્રભાઇ મોદી**
**વડાપ્રધાન, ભારત**

**શ્રી વિજય રુપાણી**
**મુખ્યમંત્રી,ગુજરાત**

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રુપાણીના વરદ્ હસ્તે સુરેન્દ્રનગર ખાતેથી મા નર્મદા મહોત્સવ યાત્રાનો થયો પ્રારંભ

## નર્મદા ડેમના બંધ થયા દરવાજા, ખુલ્લા ઉજ્જવલ ભવિષ્યના દ્વાર

## માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે ।.૧૭-૯-૨૦૧૭ના રોજ નર્મદા ડેમ રાષ્ટ્રને અર્પણ

## ૮૪ નર્મદા યાત્રાના રથ......
## ૨૪ જિલ્લા,૭ શહેરો અને ૭૨૦૦થી વધુ ગામોમાં ફરશે

# નર્મદા યોજનાથી ગુજરાત બન્યું નંદનવન

# શ્રી નીતિનભાઇ પટેલ નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# સેન્સરબોર્ડના પુર્વ અધ્યક્ષે ધટસ્ફોટ કર્યો કે કેટલીક બાબતોમાં રાજ્ય અને કેન્દ્ર સરકારનું કેટલીક ફિલ્મોને મંજુર ના કરવા દબાણ આવતું હતું

જે ગાઈડ લાઈન આધારિત સેન્સર બોર્ડ બનેલું છે તેમાં પણ સરકારો દખલગીરી કરીને કેટલીક ફિલ્મો નહીં મંજુર કરવા માટે દબાણ લાવે છે.પુર્વ અધ્યક્ષ પહલાજ નિહલાણીએ તેમના કાર્યકાળ દરમિયાન બનેલી ઘટનાઓનો ખુલાસો કર્યો હતો.સેન્સરબોર્ડ ભુતકાળમાં ભારે ટીકાઓનો ભોગ બન્યું છે. એનડીએના શાશનમાં તેમાં દખલગીરી ના હોવી જોઈએ પરંતુ તેમ બન્યું છે.પહલાજે એક યુ ટ્યુબ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યુ હતું કે ગયા વરસે રીલીઝ થયેલી ઉડતા પંજાબને સરકારે મંજુરી નહી આપવા માટે જણાવ્યુ હતું.તેમણે વધુમાં કહ્યુ હતું કે અનેક લોકોએ આ ફિલ્મને મંજુર નહીં કરવા માટે દબાણ કરી રહ્યા હતા.ફિલ્મ અંગે આદેશ મળ્યા હતા કે આ ફિલ્મ પાસ થવી જોઈએ નહીં.

ખેર, ૨૦૧૭માં થનારી ચુંટણીઓમાં પંજાબ વિધાનસભાની ચુંટણીમાં આ ફિલ્મ અસર કરે તેવું લાગતું હતું.ફિલ્મમાં પંજાબમાં ફેલાયેલા ડ્રગ્સના ધંધા અંગેનો કન્ટેન્ટ ક્યાંક ને ક્યાંક પંજાબની કાળીબાજુ બેનકાબ કરી રહ્યો હતો.આને કારણે રાજકીય પક્ષોની ઉંઘ ઉડે તે સ્વાભાવિક હતું.વોટ બેન્ક પર કોઈ આંચ ન આવે એ માટે સેન્સર બોર્ડ પર ફિલ્મને અટકાવવાનું દબાણ કરવામાં આવ્યું હતુ.

હવે તો પંજાબમાં જે સરકારને બચાવવાની હતી તેનું પતન થઈ ગયું છે. અને એનડીએ પંજાબની ચુંટણીમાં જબરજસ્ત હાર મેળવી છે.પરંતુ સરકારો કેવી રીતે કોનો ઉપયોગ અને દુરપયોગ કરી રહી છે તેનો અહેસાસ પહેલાજના ઈન્ટરવ્યુમાંથી સ્પષ્ટ થાય છે.ભુતકાળમાં એક પ્રધાન અને સત્તાધારી પક્ષના મોટા ગજાના નેતા જો કે હાલમાં તેઓનું અસ્તિત્વ નથી પરંતુ તેઓ સેન્સર બોર્ડમાં પોતાનું ધાર્યુ કરાવતા હતા અને ફિલ્મ ઉદ્યોગમાં તેમના નામના ડંકા પડતા હતા.પરિણામે કોઈપણ અભિનેતાને તેમના માટે ચુંટણી પ્રચારમાં તેઓ લાવી શકતા હતા.

કટોકટીકાળ વખતે કિસ્સા ખુરશીકા નો મુદ્દો બહુ ચગ્યો હતો. સેન્સર બોર્ડની કામગીરીને વિરોધપક્ષોએ એવી કક્ષાએ પહોચાડી હતી કે સરકારને તોડી પાડવામાં આ મુદો મદદરુપ બન્યો હતો.જ્યારે હવે તો સામેથી સેન્સર બોર્ડના અધ્યક્ષે સરકારી દબાણનો પર્દાફાશ કર્યો છે તો પછી હાલના વિરોધપક્ષોએ આ મુદ્દાને હાથ પર લેવો જોઈએ

# સુપ્રીમ કોર્ટે ઇવીએમ મશીનની ટીકા કરવા પરનો પ્રતિબંધ હટાવી લીધો

સુપ્રીમ કોર્ટે રાજ્ય વિધાનસભાની ચુંટણીમાં ઈવીએમ મશીનના ઉપયોગની ટીકા કરવાથી રાજકીય પક્ષ,એનજીઓ અને વ્યક્તિઓને અટકાવતો ઉત્તરાખંડ હાઈકોર્ટના આદેશ પર મનાઈહુકમ ફરમાવી દીધો હતો.વિશાળ જનહિતને ધ્યાનમાં રાખીને આ પગલું ભ રવામાં આવ્યું છે.ચીફ જસ્ટીસ દિપક મિશ્રા અને જસ્ટીસ એ.એમ.ખાનવિલકર અને ડી.વાય.ચંદ્રચુડની બેન્ચે હાઈકોર્ટના બીજી જુનના આદેશને પડકારતી અરજી પર ચુંટણી પંચનો પ્રતિસાદ માંગ્યો હતો. તેમણે જુનમાં ઈસીઆઈના ઈલેક્ટ્રોનીક્સ વોટીંગ મશીન ચેલેન્જની યર્થાથતા સામે સવાલ ઉઠાવ્યો હતો.

પીટીશનરના વકીલે સુપ્રીમમાં અરજી કરીને દલીલ કરી હતી કે આદેશ ટકી શકે તેમ નથી કેમકે ટીકા ચુંટણી પંચની કરાતી નથી.તે આ વર્ષના પ્રારંભમાં થયેલી વિધાનસભાની ચુંટણીમાં ઉપયોગમાં લેવામાં આવેલા ઈવીએમ મશીનના સંભવિત ચેડા અંગે છે.

બીજી તરફ સુપ્રીમે કહ્યુ છે કે તે ચુંટણીમાં ફરજીયાત મતદાન માટે કાયદો ઘડવા કેન્દ્રને સુચના ન આપી શકે કેમ કે તે બાબત તેને લગતી છે.આ હેતુ માટે કેન્દ્રને નિર્દેશ આપવાની માંગણી કરતી એક જાહેર હિતની અરજી પર સુપ્રીમે નોંધ્યુ હતું કે નીતિ વિષયક નિર્ણયનું કામ સંસદનું છે.

# રખડતાં ઢોરની સાથે માલધારીઓને ગુનેગાર બનાવવાના નિર્ણય સામે માલધારી સંગઠનની ઉગ્ર રજુઆત

અમદાવાદ શહેરમાં રખડતાં ઢોરોનો અનહદ ત્રાસને લઈને અમદાવા મ્યુની. કોરપો. અને શહેર પોલીસ કમિશ્નર દ્વારા રખડતાં ઢોરની સાથે માલિક સામે પણ ગુનો નોધવાનો નિર્ણય લીધો છે. જે રખડતું ઢોર પકડાય તો તેના માલિક સામે પણ ૩૦૮ મુજબ ગુનો નોધવાની જોગવાઈ કરાઈ છે. જેથી શહેરમાં વસતાં માલધારીઓએ એક બેઠક યોજીને આ કલમ રદ કરવાની માંગણી કરી હતી.જો કે અત્યાર સુધીમાં ઢોર પકડાય નહીં માટેં માલધારીઓ સુયોજિત વ્યવસ્થા ઉભી કરતા અને ઢોર ત્રાસ નિવારણ માટેની વ્યવસ્થાને અસ્તવ્યસ્ત કરીદેતા.પરંતુ કેટલાક દિવસો બાદ ફરીથી ત્રાસ શરુ થઈ જતો. આ વખતે હાઈકોર્ટની ફટકારને લીધે તંત્ર જાગ્યું છે ત્યારે રાજકીય પક્ષો, પોલીસ અને અમદાવાદ મ્યુની.કોરપો.વોટબેન્કને જાળવી રાખવા માટે કેવા નુસખા યોજે છે તે હવે પ્રજાને માલુમ પડશે.




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


# બસો ગાયોને ભુખે મારી નાંખવા બદલ ભાજપી નેતા હરિશ વર્માની ધરપકડ કરાઇ



દેશમાં ગાયોના ઉધ્ધારક બની બેઠેલા કેટલાક ગૌસવકો ગાયોના માટે મળેલા લખલુંટ નાણાં ચાંઉ કરી જઈને ગૌમાતાની હત્યા કરવા બદલ છત્તીસગઢના ભારતીય જનતા પાર્ટીના નેતા હરિષ વર્માની પોલીસે ધરપકડ કરી હતી.અને તેમને ગાયમાતાઓના સીરીયસ કીલર તરીકે ઓળખ આપવામાં આવી હતી.તેમને મળેલ દાનની રકમનું મોટું કૌભાંડ બહાર આવ્યું હતું. તેમણે ગૌસેવા આયોગ દ્વાર તેમને ૯૩ લાખની રકમ મળી હતી.ભાજપી નેતા હોવાને કારણે સરકારમાંથી અને દેશમાં ગાયમાતાના ઉપાસકો પાસેથી નાણાં મેળવીને તેમણે જલસા કર્યા હતા.તેમણે તેમને ત્યાં ગાયોને પુરતો ખોરાક આપ્યો નહોતો.ગાયોને નધણિયાતી છોડી મુકી હતી. તેમની બીજી બે ગૌશાળાઓમાંથી અનેક ગાયના હાડપિંજર મળી આવ્યા હતા.આ ઉપરાંત ભુખે મરતી અને મરવાના વાંકે જીવતી ગાયો મળી આવી હતી.

જ્યારે તેને કોર્ટમાં રજુ કરવામાં આવ્યો ત્યારે ત્યાં એકઠી થયેલી ભીડે તેની પિટાઈ કરી હતી.અને તેનું મોઢું કાળુ કર્યું હતું. આ જ ભાજપ નેતાની વધુ બે ગૌશાળામાં ૧૦૦થી વધુ ગાયો મરવાનો કિસ્સો બહાર આવ્યો હતો. તેણે આ ગાયોના હાડપિંજર ઈંટોના ભઠ્ઠા નીચે દાટી દીધા હતા.જ્યાંથી આ હાડપિંજર મળી આવ્યા હતા.ભાજપી નેતા હરિશ વર્માએ ૨૦૧૧ થી ૨૦૧૭ સુધી ગૌસેવાના નામે ધંધો ચલાવ્યો હતો.પોલીસે મૃત્યુ પામેલી ગાયોનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.તો તેમાંથી અનાજનો એક દાણો મળ્યો નહોતો.સરકારી પૈસાની ઉચાપત કરવા માટે પોલીસ કેસ કર્યો છે.આ માટે તેને ૧૦ વર્ષની કેદ અને દંડની સજા થઈ શકે છે. ખરેખર તો એક ગાયના મોત માટે જે સજા ગૌવંશની કત્લ કરવા માટે કાયદામાં નિર્મિત કરવામાં આવેલી છે તે મુજબ સજા કરવી જોઈએ. સરકારી નાણાંની ઉચાપતનો કેસ તો ખોટા રસ્તે લઈ જતો કેસ છે.સીવીલ નહી ક્રિમિનલ કેસ થવો જોઈએ.ગૌવંશ પ્રત્યે રાખી લઘુમતિ લોકોની હત્યા કરનારા લોકોએ જાગૃત બનીને હવે મેદાનમાં આવવું જોઈએ.કત્લ કરવા લઈ જતાં કરતાં કત્લ કરી નાંખવાના ભરપુર પુરાવા માટે હવે ગૌપ્રેમીઓને ક્યા પુરાવાની જરુરીયાત છે અને કાયદો ક્યાં નડે છે.માત્ર તે તમારો હોવાથી તેને માટે સરકારી નાણાંની ઉચાપતનો કેસ નોધીને તેને બચાવવાની કોશીશ થઈ રહી છે.

વડાપ્રધાને મનકી બાતમાં ધર્મના નામે અને ગાયના નામે હિંસા આચરતા લોકો સામે આક્રોશ વ્યક્ત કર્યો છતાં પણ ગૌરક્ષકોના હાથમાં ચળ આવતી જ રહે છે. પરંતુ જે લોકો ગાયના નામે ચરી ખાય છે તેમની સામે અને તેમના પોતાના લોકો સામે તેમનાથી ચું કે ચાં કરી શકાતી નથી.વડાપ્રધાને દરેક નાગરિકને દેશના કાયદાને આધીન રહેવું પડશે તેવું કહયુ છે. તો આ ગાયોને મોતને ઘાટ ઉતારનારની સામે કેવા પ્રકારની કાર્યવાહી થાય છે તે જોવાનું રહેશે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.